# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 24-07-2025 Day: Thursday Morning : 6.50 to 6.55am**

આકાશવાણી ભુજ સમાચાર **કૃપાલી મહિચ્છા** વાંચે છે.

---

## સંસદ કાર્યવાહી

વિરોધ પક્ષોએ હોબાળો કરતાં સંસદના બંને ગૃહોની કાર્યવાહી સતત ત્રીજા દિવસે પણ ખોરવાઈ. વિપક્ષી દળો બિહારમાં મતદાર યાદીના ખાસ સઘન પુનનિરીક્ષણ અને અન્ય મુદ્દાઓ પર ચર્ચાની માગ કરી રહ્યા હતા. લોકસભા અને રાજ્યસભાની કાર્યવાહી ગઇકાલે બે વખત સ્થગિત થયા પછી આખરે દિવસભર માટે સ્થગિત કરવામાં આવી. અગાઉ, જ્યારે લોકસભા બપોરે 12 વાગ્યે પ્રથમ મુલતવી પછી મળી, ત્યારે યુવા બાબતો અને રમતગમત મંત્રી ડો.મનસુખ માંડવિયાએ

રાષ્ટ્રીય રમતગમત શાસન ખરડો, 2025 અને રાષ્ટ્રીય ડોપિંગ વિરોધી સુધારા ખરડો, 2025 રજૂ કર્યા. પ્રમુખ અધિકારીએ શૂન્ય કાળ ચલાવવાનો પ્રયાસ કર્યો પરંતુ વિપક્ષી સભ્યોએ સૂત્રોચ્ચાર ચાલુ રાખ્યા રાજ્યસભામાં પણ આવા જ દ્રશ્યો જોવા મળ્યા. બીજી વાર સ્થગિત થયા પછી, જ્યારે ગૃહની કાર્યવાહી બપોરે 2 વાગ્યે શરૂ થઈ ત્યારે વિપક્ષોએ ગૃહમાં હોબાળો મચાવ્યો અને બિહારમાં વિશેષ સઘન પુનનિરીક્ષણ પર ચર્ચાની માગ કરી.

---

## ATS આતંકવાદી

ગુજરાત આતંકવાદ વિરોધી દળ – ATS-એ પ્રતિબંધિત આતંકવાદી સંગઠન અલ-કાયદા સાથે જોડાયેલા ચાર લોકોની ધરપકડ કરી છે. A.T.S.એ ગુજરાતનાં અમદાવાદથી મહોમ્મદ ફરદીન, અરવલ્લીના મોડાસાથી સેકુલ્લા કુરેશી, દિલ્હીથી મોહમ્મદ ફૈક અને નોયડાથી ઝિશાન અલીની ધરપકડ કરી છે.

ATSનાં DIG સુનિલ જોશીએ જણાવ્યું કે, આ ચારેય લોકો અલ-કાયદાના આતંકી મૉડેલ સાથે જોડાયેલા હતા. તેઓ સોશિયલ મીડિયાપ્લેટફૉર્મ અને કેટલીક શંકાસ્પદ ઍપ્લિકેશન દ્વારા અલ-કાયદાનીવિચારધારા સાથે જોડાઈ તેને ફેલાવવા સુધીની કામગીરીમાં સક્રિય હોવાનું પણ શ્રી જોશીએ જણાવ્યું. ઉલ્લેખનીય છે કે અગાઉ 2023માં, અમદાવાદનાં વિવિધ ભાગોમાંથી એક જ આતંકવાદી સંગઠન સાથે સંબંધો હોવા બદલ ચાર બાંગ્લાદેશી નાગરિકોની ધરપકડ કરવામાં આવી હતી.

---------------------------------------------------------------------------------------------

## કેન્દ્રીય શિપિંગ

કેન્દ્રીયબંદર, શિપિંગ અને જળમાર્ગ મંત્રી સર્બાનંદ સોનોવાલે ગઇકાલે રાજ્યસભામાં વિચારણા અને પસાર કરવા માટે દરિયાઈ માલ વહન ખરડો, 2025 રજૂ કર્યો. આ ખરડો ભારતીય દરિયાઈ માલવહન અધિનિયમ, 1925નું સ્થાન લેશે. આ કાયદો બંદરોથી પરિવહન કરાયેલા માલના કિસ્સામાં જવાબદારીઓ, અધિકારોઅને મુક્તિઓ

સ્થાપિત કરે છે. આ કાયદો કેન્દ્ર સરકારને બિલની જોગવાઈઓનું પાલન કરવા માટે દિશાનિર્દેશો જારી કરવાની અને બિલ ઓફ લેડિંગ પર લાગુ પડતા નિયમોનો ઉલ્લેખ કરતા સમયપત્રકમાં સુધારો કરવાની સત્તા આપે છે. બિલ ઓફ લેડિંગનો અર્થ માલવાહક દ્વારા શિપરને જારી કરાયેલ દસ્તાવેજ છે. તેમાં માલના પ્રકાર, જથ્થો, સ્થિતિ અને ગંતવ્ય સ્થાન જેવી વિગતો શામેલ છે. આ બિલ લોકસભા દ્વારા પહેલાથી જ પસાર થઈ ગયું છે.

---------------------------------------------------------------------------------------------

## હર્ષ સંઘવી કચ્છની મુલાકાતે

રાજ્યના ગૃહમંત્રી હર્ષ સંઘવી આજે કચ્છની મુલાકાતે આવશે.  સવારે સાડા નવ વાગ્યે પોલીસ હેડ ક્વાટર્સ શિણાય ખાતે પોલીસ વિભાગના વિવિધ ઉદઘાટન અને ખાતમુહૂર્ત કાર્યક્રમમાં ગૃહમંત્રી ઉપસ્થિત રહેશે. ત્યારબાદ સાડા દસ વાગ્યે ગૃહમંત્રી શિણાય ખાતે જ લોક દરબારમાં હાજરી આપશે. આ મુલાકાત દરમિયાન તેઓ ભચાઉ તાલુકાના લાકડિયા વિસ્તારમાં

આવેલી સૌરાષ્ટ્ર એન્વાયરો પ્રોજેક્ટ પ્રાઇવેટ લિમીટેડ કંપની ખાતે નાર્કોટિક્સના જંગી જથ્થાનો વૈજ્ઞાનિક પદ્ધતિથી નાશ કરવાની કાર્યવાહીમાં ઉપસ્થિત રહેશે. પૂર્વ કચ્છ, પશ્ચિમ કચ્છ અને મોરબી જિલ્લાના વિવિધ પોલીસ સ્ટેશનોમાં NDPS એક્ટ હેઠળ નોંધાયેલા ગુનાઓમાં જપ્ત કરવામાં આવેલા માદક પદાર્થોનો નાશ કરવામાં આવશે. આ કાર્યવાહીમાં પૂર્વ કચ્છના ૧૧, પશ્ચિમ કચ્છના ૧૬ અને મોરબી જિલ્લાનો ૧ કેસ મળી કુલ ૨૮ કેસનો મુદ્દામાલ નાશ કરવામાં આવશે .

---

## દિવાસા પર્વ

આજે દિવાસાનું પર્વ પરંપરાગત રીતે ઉજવાઈ રહ્યું છે. દિવાસા સાથે શ્રાવણથી કાર્તિક માસના પર્વોની ઉજવણી શરૂ થાય છે. આજથી દશામાના પર્વનો આરંભ થાય છે. 10 દિવસ ચાલનાર આ પર્વ દરમ્યાન સાંઢણી પર બેઠેલ દશામાની મૂર્તિઓનું સ્થાપન કરી પૂજન થાય છે. છેલ્લા દિવસે આ મૂર્તિઓનું નદી સરોવરમાં વિસર્જન કરવામાં આવે છે. આવતીકાલથી શરૂ થતા શ્રાવણ માસની ઉજવણીની તૈયારીઓ ચાલી રહી છે.

---

## માધ્યમિક શિક્ષક નિમણૂક પત્ર

કચ્છ જિલ્લાની સરકારી માધ્યમિક શાળામાં 419 નવ નિયુક્ત શિક્ષણ સહાયકોને ઓલ્ફ્રેડ હાઈસ્કૂલમાં ગુરુવારે બપોરે 12 વાગે નિમણૂક પત્ર એનાયત કરવામાં આવશે. એવું જિલ્લા શિક્ષણાધિકારી સંજયભાઈ પરમારે જણાવ્યું કે, ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ પ્રેરિત, શાળાઓની કચેરીના કમિશનર, જિલ્લા શિક્ષણાધિકારી કચેરી દ્વારા કચ્છ જિલ્લાની સરકારી માધ્યમિક શાળામાં નવ નિયુક્ત શિક્ષણ સહાયકને નિમણૂકપત્ર એનાયત કાર્યક્રમના અધ્યક્ષસ્થાને સાંસદ વિનોદ ચાવડા, વિશેષ ઉપસ્થિતિ જિલ્લા પંચાયતના પ્રમુખ જનકસિંહ જાડેજા, અતિથિ વિશેષ 'ધારાસભ્ય કેશુભાઈ પટેલ, વિરેન્દ્રસિંહ જાડેજા, માલતીબેન મહેશ્વરી, ત્રિકમભાઈ છાંગા, અનિરુદ્ધ દવે, પ્રધુમનસિંહ જાડેજા હાજર રહેશે.